પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઈ, ૨૦૧૯, મંગળવાર; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# યેદીયુરપ્પાએ વિશ્વાસ મત જીત્યો

## સ્પીકર રમેશે ૧૪ અસંતુષ્ટ ધારાસભ્યને ગેરલાયક જાહેર કર્યા બાદ મુખ્યમંત્રી યેદીયુરપ્પાએ મૌખિક મતથી વિશ્વાસમત મેળવ્યો : પ્રદેશમાં ભાજપ સરકાર

બેંગલોર,તા. ૨૯

કર્ણાટકમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી રાજકીય ગુંચવણનો આજે અંત આવી ગયો હતો. કારણ કે આજે મુખ્યપ્રધાન યેદિયુરપ્પાએ વિશ્વાસમત જીતી લીધો હતો. મૌખિક મતથી યેદીયુરપ્પાએ વિશ્વાસ મત જીતી લીધો હતો. વિશ્વાસમત યેદીયુરપ્પા હાંસલ કરી શકશે કે કેમ તેને લઈને વ્યાપક ચર્ચા ચાલી રહી હતી. કર્ણાટકમાં રાજકીય ઘટનાક્રમ પર તમામની નજર હતી. યેદીયુરપ્પા બહુમતિ સાબિત કરે તેના એક દિવસ પહેલા જ કર્ણાટકમાં રાજકીય નાટકોમાં નવો વળાંક એક વખતે આવ્યો હતો જ્યારે વિધાનસભા અધ્યક્ષે જેડીએસ-કોંગ્રેસના ૧૪ ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરી દીધા હતા. આ પહેલા વિધાનસભા અધ્યક્ષે ૩ ધારાસભ્યોને પણ અયોગ્ય જાહેર કર્યા હતા. કોંગ્રેસ-જેડીએસના ૧૬ ધારાસભ્યોએ પોતાની પાર્ટીમાં બળવો કરીને રાજીનામા આપી દીધા હતા જ્યારે સરકારને ટેકો આપી રહેલા એક અપક્ષે પણ રાજીનામુ આપી દીધું હતું. ત્યારબાદથી નાટકોના દોર વચ્ચે કુમારસ્વામી સરકારનું બહુમત પરીક્ષણમાં પતન થયું હતું. ત્યારબાદ ઝડપી ઘટનાક્રમના ભાગરુપે યેદીયુરપ્પાએ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. બીએસ યેદીયુરપ્પાને બહુમત પુરવાર કરવા માટે ૧૦૪ ધારાસભ્યોની જરૂર હતી. ભાજપની પાસે હાલમાં ૧૦૫ ધારાસભ્યો છે. કોંગ્રેસ અને જેડીએસના સભ્યોના બળવા બાદ સરકાર ગબડી ગઈ હતી. કુમારસ્વામીની સરકાર વિશ્વાસમત જીતી શકી ન હતી. મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પા ત્રીજી અવધિ માટે મુખ્યમંત્રી બન્યા છે. યેદીયુરપ્પા સરકાર હવે પોતાની કામગીરી સ્વતંત્રરીતે અદા કરી શકશે. આગામી છ મહિના સુધી અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરી શકાશે નહીં. સરકાર ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા બાદ કર્ણાટક વિધાનસભામાં સંખ્યાબળ ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. સંખ્યાબળ પરંપરાગત ૨૨૫ સભ્યોથી ઘટી ગયો હતો. ભાજપને વિશ્વાસ મત

● અનુસંધાન પાના - ૭ પર



### સ્પીકર રમેશ કુમારે રાજીનામુ આપ્યું

કર્ણાટક વિધાનસભાના અધ્યક્ષ કેઆર રમેશે આજે રાજીનામુ આપી દીધું હતું. કર્ણાટક વિધાનસભામાં મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પાએ વિશ્વાસમત જીતી લીધા બાદ સ્પીકરે રાજીનામુ આપ્યું હતું. નાયબ સ્પીકર કૃષ્ણા રેડ્ડીએ કહ્યું હતું કે, રમેશ કુમારે તેમનું રાજીનામુ તેમને સોંપી દીધું છે. રમેશકુમારે કહ્યું હતું કે, સ્પીકર તરીકેના ૧૪ મહિનાના ગાળા દરમિયાન તેઓએ બંધારણ મુજબ કામ કર્યું હતું. તેમની સર્વશ્રેષ્ઠ કુશળતા જાળવી રાખીને હોદ્દાનું ગૌરવ જાળવ્યું હતું. સ્પીકરના પગલા એવા સમયે આવ્યા છે જ્યારે યેદીયુરપ્પાએ એક લાઈનમાં વિશ્વાસમતની દરખાસ્ત રજૂ કરીને મૌખિક મતથી વિશ્વાસમત મેળવી લીધો હતો. અગાઉ ત્રણ બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરાયા બાદ ગઈકાલે ૧૪ વધુ બળવાખોરોને રમેશકુમારે ગેરલાયક જાહેર કર્યા હતા.

## પ્રિયંકા ગાંધીને કોંગ્રેસ પ્રમુખ બનાવવાની માંગણી વધુ તીવ્ર

નવી દિલ્હી, તા. ૨૯

કોંગ્રેસ અધ્યક્ષ પદને લઈને વિકલ્પના મુદ્દે ચર્ચા અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. રાહુલ ગાંધીના વિકલ્પ તરીકે પ્રિયંકા ગાંધીને લાવવાની માંગ જોર પકડી રહી છે. શશી થરુર, કેસી વેણુગોપાલ તરફથી પ્રિયંકાના નામની ભલામણ કરવામાં આવ્યા બાદ હવે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહે પણ તેમના નામનું સમર્થન કર્યું છે. અમરિન્દરસિંહે કહ્યું છે કે, જો આવું થશે તો કોંગ્રેસ પાર્ટીના તમામ સભ્યોનું સમર્થન મળશે. પ્રિયંકા ગાંધી અધ્યક્ષપદ માટે બિલકુલ યોગ્ય પસંદગી છે. જો કે, આ સંદર્ભમાં રાહુલ ગાંધી દ્વારા જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. રવિવારના દિવસે કોંગ્રેસના સાંસદ શશી થરુરે કહ્યું હતું કે, પ્રિયંકા ગાંધી અધ્યક્ષ પદ માટે સૌથી યોગ્ય ઉમેદવાર છે. કારણ કે, પ્રિયંકા કરિશ્મો ધરાવનાર લીડર તરીકે છે. કેસી વેણુગોપાલનું કહેવું છે કે, પ્રિયંકા ગાંધીમાં નૈસર્ગિક કરિશ્મો છે. પાર્ટીના અધ્યક્ષ તરીકે તેઓ યોગ્ય સાબિત થઈ શકે છે. થરુરે કહ્યું હતું કે, રાહુલ ગાંધીના પાર્ટી અધ્યક્ષપદને છોડી દીધા બાદ નેતૃત્વને લઈને અસ્પષ્ટતાના ભાવ દેખાઈ રહ્યા હતા. હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. વેણુગોપાલની પણ આવી જ રજૂઆત રહી છે. અમરિન્દરસિંહનું કહેવું છે કે, કોંગ્રેસ અધ્યક્ષ કોઈપણ યુવા બને તે જરૂરી છે. પ્રિયંકા ગાંધીને અધ્યક્ષપદ પર લાવવાની વાત હજુ સુધી કરવામાં આવી નથી. રાહુલ ગાંધીના પાર્ટી અધ્યક્ષ પદ છોડી દીધા બાદથી લઈને દુવિધાભરી સ્થિતિ પ્રવર્તી રહી હતી.



# ત્રિપલ તલાક બિલ રાજ્યસભામાં પાસ થશે

નવી દિલ્હી,તા. ૨૯

લોકસભામાં ત્રિપલ તલાક બિલને પાસ કરવામાં આવ્યા બાદ હવે રાજ્યસભામાં આ બિલ પાસ થશે કે કેમ તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. રાજકીય વર્તુળોમાં આને લઈને વધારે ઉત્સુકતા છે. જો કે મોદી સરકારને આશા છે કે કેટલાક મિત્ર દળોના સમર્થન સાથે અને કેટલાક મિત્રોના વોકઆઉટના કારણે બિલ પાસ કરી દેવામાં આવશે. લોકસભા બાદ હવે રાજ્યસભામાં પણ સત્તા પક્ષ અને વિપક્ષને ત્રિપલ તલાક બિલના મુદ્દા પર પોતાની તાકાત દર્શાવવાની તક મળનાર છે. આ બિલમાંએક સાથે ત્રણ વખત ત્રિપલ તલાક આપનાર મુસ્લિમ પુરૂષો માટે જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. લોકસભામાં આને પાસ કરાવી દીધા બાદ સરકાર આશાવાદી બનેલી છે. રાજસભામાં આ બિલને પસાર કરવા માટે ભાજપને કેટલાક બિન એનડીએ પક્ષોને મનાવવા પડશે. ભાજપ સરકારને કેટલાકનો સાથ મળે તેવી આશા દેખાઈ રહી છે. કેટલાક સાંસદો ગેરહાજર રહી શકે છે. રાજ્યસભામાં શાસક પક્ષ પાસે બહુમતિ ન હોવાના કારણે વિપક્ષી પાર્ટીઓને બિલ આડે અડચણો ઉભી કરવાની તક મળતી રહી છે. પરંતુ છેલ્લા સપ્તાહમાં માહિતી અધિકાર સુધારા બિલ પર સરકારને બિજુ જનતા દળનુ સમર્થન મળી ગયુ હતુ. તેલંગણા રાષ્ટ્રીય સમિતી તરફથી પણ સરકારને ટેકો મળ્યો છે. હાલના વર્ષોમાં રાજ્યસભામાં પણ સરકારની સ્થિતી હવે ધીમી ગતિથી મજબુત બની રહી છે. તેલુગુ દેશમ પાર્ટીના ચાર રાજ્યસભા સાંસદો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા બાદ પાર્ટીની સ્થિતી મજબુત થવા લાગી ગઈ છે. સત્તાધારી એનડીએ

● અનુસંધાન પાના - ૭ પર

## ન્યુઝ ટ્રેક

### પુંછમાં ફાયરીંગ નવજાતનું મોત

જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં પાકિસ્તાન સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં ૧૨ દિવસના નવજાત શિશુનુ મૃત્યુ નિપજ્યુ હતુ. નવજાત શિશુની માતા અને પાડોશી ગંભીર રીતે ઘાયલ થયા છે.

### જયપાલ રેડ્ડીને રાજ્યસભામાં શ્રદ્ધાંજલિ

પૂર્વ કેન્દ્રિય મંત્રી અને રાજ્યસભાના પૂર્વ સદસ્ય એસ. જયપાલ રેડ્ડીના નિધન પર રાજ્યસભામાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સભાપતિ એમ. વેંકૈયા નાયડુ પોતાના જુના મિત્ર રેડ્ડીને શ્રદ્ધાંજલિ આપતા સમયે ભાવુક થઈ ગયા હતા.

### દેશમાં વાઘની સંખ્યા વધી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં થયેલી વાઘોની ગણતરીના આંકડા જાહેર કર્યા હતા. આ આંકડાઓ મુજબ દેશમાં ૩ હજાર વાઘ છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ગતવર્ષે દેશભરના ટાઈગર રિઝર્વ, નેશનલ પાર્ક, અભ્યારણ્ય અને સામાન્ય વન મંડળોમાં ૨૮ માપદંડોના આધારે વાઘોની ગણતરી કરી હતી.

### ઈઝરાઈલની ચૂંટણીમાં મોદી છવાયા

આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ ઈઝરાઈલમાં ચૂંટણી યોજાવાની છે. ઈઝરાઈલમાં ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલુ છે. ચૂંટણી પ્રચાર દરમ્યાન ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતન્યાહૂ સાથેના ફોટાનો પ્રચાર માટે ઉપયોગમાં લેવાયો છે.

## ગુજરાતના જાણીતા સહકારી આગેવાન અને પૂર્વ મંત્રી વિઠ્ઠલભાઈ રાદડીયાનું અવસાન

ગાંધીનગર, તા.૨૯

રાજયના પૂર્વમંત્રી અને ઘણાં લાંબા સમયથી બીમાર વિઠ્ઠલભાઈ રાદડીયાનું ૬૧ વર્ષની વર્ષે દુઃખધ નિધન થયું છે. જાણીતા ખેડૂત નેતા, સહકારી આગેવાન ભાજપના પૂર્વ સાંસદ વિઠ્ઠલભાઈનું આજે સવારે નિધન થતાં રાજકીય જગતમાં શોકની લાગણી પ્રસરી હતી. તેમના અંતિમ દર્શન આવતીકાલે તા.૩૦ જુલાઈના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધી કન્યા છાત્રાલય, જામકંડોરણા ખાતે રાખવામાં આવશે. જ્યારે સ્મશાન યાત્રા આવતીકાલે તા.૩૦ જૂલાઈના રોજ એક વાગ્યે તેમના નિવાસ સ્થાને (જામકંડોરણા)થી નીકળશે. વિઠ્ઠલભાઈ રાદડીયાના નિધનને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ અનેક રાજકીય મહાનુભાવોએ ટવીટ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. પૂર્વ મંત્રી વિઠ્ઠલભાઈના નિધન અંગે પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કરતા ટ્વિટ કર્યું હતું કે, પોરબંદરના પૂર્વ સાંસદ શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયાના અવસાનના સમાચાર સાંભળી દુઃખ થયું. ગુજરાતે એક સક્ષમ ખેડૂત નેતા ગુમાવ્યા છે. સહકાર, કેળવણી અને રાજકીય ક્ષેત્રમાં પ્રદાન બદલ તેઓ હંમેશા યાદ રહેશે. જ્યારે વિઠ્ઠલભાઈના પુત્ર અને કેબિનેટમંત્રી જયેશ રાદડિયાએ ટ્વિટ કર્યું હતું કે, જયશ્રીકૃષ્ણ,આપણા સૌના વડીલ ખેડુતનેતા શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયાનુ આજરોજ તા.૨૯-૭-૧૯ ને સોમવારના દિવસે દુઃખદ અવસાન થયેલ છે.અંતિમ દર્શન : તા.૩૦-૭-૧૯ મંગળવાર સવારના ૭-૦૦ થીબપોરના ૧૨-૦૦ કન્યા છાત્રાલય-જામકંડોરણા, સ્મશાન યાત્રા : તા.૩૦-૭-૧૯ મંગળવાર બપોરે ૧ -૦૦ કલાકે નિવાસસ્થાનેથી પટેલ ચોક,જામકંડોરણા. તો, રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ વિઠ્ઠલભાઈના નિધન અંગે શોક વ્યક્ત કરતા ટ્વિટ કર્યું હતું કે, વિઠ્ઠલભાઈના નિધનથી હું ઘેરા શોક અને આઘાતની લાગણી વ્યકત કરુ છું. દરમ્યાન ગુજરાત રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને પણ તેમના શોકસંદેશામાં જણાવ્યું હતું કે, પોરબંદરના પૂર્વ સાંસદ અને ભાજપના વરિષ્ઠ નેતા વિઠ્ઠલભાઈ રાદડીયાના દુઃખદ અવસાન અંગે ઘેરા શોક અને દુઃખની લાગણી વ્યકત કરું છુ અને શ્રધ્ધાંજલિ પાઠવું છું. સહકાર, કેળવણી અને રાજકીય ક્ષેત્રમાં તેમના પ્રદાન બદલ તેઓ હંમેશા યાદ રહેશે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. ઓમ શાંતિ શાંતિ શાંતિ. ઉલ્લેખનીય છે કે, વિઠ્ઠલ રાદડિયાનો જન્મ ગત તા.૮ નવેમ્બર, ૧૯૫૮ના રોજ જામકંડોરણામાં થયો હતો.



## રમાદેવી પર ટિપ્પણી મામલે આઝમે ગૃહમાં માંગેલી માફી

### લોકસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે આઝમની માફી રમાની માફી સ્વીકારવાની ના : આઝમ સિરિયલ ગુનેગાર

નવી દિલ્હી,તા. ૨૯

ત્રિપલ તલાક પર લોકસબામાં હાલમાં જ ઉગ્ર અને ગરમાગરમ ચર્ચા દરમિયાન અધ્યક્ષ ઓમ બિરલાની ગેરહાજરીમાં થોડાક સમય ચેયર રહેલા રમાદેવી સામે કરેલી ટિપ્પણી મામલે સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાને આજે માફી માંગી લીધી હતી. આઝમ ખાને લોકસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ માફી માંગી લીધી હતી. આઝમ ખાને ગૃહમાં બે વખત આજે માફી માંગી હતી. ભાજપના સભ્ય રમાદેવી સામે વાંધાજનક સૂચનો કરવા બદલ હોબાળો થયા બાદ આઝમ ખાને આજે માફી માંગી હતી. ગુરુવારના દિવસથી ભારે હોબાળો જારી રહ્યો હતો. સપ્તાહના વિરામ બાદ આજે લોકસભા ફરી મળતાની સાથે જ સ્પીકર ઓમ બિડલાએ ગૃહમાં બોલવા માટે ખાનને મંજુરી આપી હતી. ગૃહની કાર્યવાહી શરૂ થતા નિવેદન કરતા આઝમ ખાને કહ્યુ હતુ કે રમાદેવી માટે તેઓ ભારે માન ધરાવે છે. તેમના ઈરાદા તેમને અપમાનિત કરવાના ન હતા. આઝમ ખાને કહ્યુ હતુ કે તેઓ બે વખત સંસદીય પ્રધાન તરીકે રહ્યા છે. જ્યારે ચાર વખત મંત્રી તરીકે રહ્યા છે. જ્યારે



## હરિયાણામાં મિશન ૭૫ સાથે ભાજપની તૈયારીઓ આરંભાઈ

હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીમાં મોટી જીત હાંસલ કરવાના ઈરાદા સાથે ભારતીય જનતા પાર્ટીએ તૈયારી શરૂ કરી દીધી છે. આ વખતે ભારતીય જનતા પાર્ટી રાજ્યમાં ૭૫ પ્લસના મિશન સાથે આગળ વધવા માટે તૈયાર છે. વિધાનસભાની ચૂંટણી આડે સમય છે પરંતુ ભારતીય જનતા પાર્ટીની સાથે સાથે કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ જોરદાર તૈયારી શરૂ કરી દેવામા આવી છે. એકબાજુ ભારતીય જનતા પાર્ટીએ સતત બીજી વખત સત્તા હાંસલ કરવા માટેની તૈયારી કરવામાં આવી છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી ભાજપને સત્તામાંથી દુર કરવા માટે આક્રમક તૈયારીમાં છે. ભારતીય જનતા પાર્ટીમાં હાલમાં સામેલ થયેલી ગાયિકા અને ડાન્સર સપના ચૌધરીને મોટી જવાબદારી સોંપીને ભારતીય જનતા પાર્ટી જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. સપના ચૌધરી હરિયાણમાં ખુબ લોકપ્રિયતા ધરાવે છે. સપના ચૌધરીના સમર્થન સાથે ભારતીય જનતા પાર્ટી મિશન ૭૫ પ્લસ સાથે આગળ વધવા માટે તૈયાર છે. એવા હેવાલ પણ આવી રહ્યા છે કે હરિયાણમા જાદુ ચાલી જશે તો તેનો લાભ દિલ્હીમાં પણ મળી શકે છે. હરિયાણામાં જાદુ ચાલશે તો પાર્ટી ત્યારબાદ સપનાન દિલ્હીથી વિધાનસભામાં મોકલી દેવા માટેની તૈયારી કરી શકે છે. દિલ્હીથી સપનાને ભેંટ આપવામાં આવી શકે છે. ગુરુગ્રામમાં વર્ષ ૨૦૧૬માં વિવાદોના કારણે અચાનક ચર્ચામાં આવેલી સપના ચોધરી પહેલા કોંગ્રેસમાં સામેલ થવા માટે ઈચ્છુક હતી. સપના ચોધરી પ્રિયંકા ગાંધી વાઢેરાને પણ મળી હતી. જો કે છેલ્લી ઘડીએ ભોજપુરી ફિલ્મના અભિનેતા અને દિલ્હીમાં ભાજપ પ્રમુખ મનોજ તિવારીએ સપનાને ભાજપમાં લાવવામાં ભૂમિકા અદા કરી હતી.સપના ચોધરી દિલ્હીમાં ભાજપમાં જોડાયા હતા. જો કે જેજેપીના નેતા દિગ્વિજય સિંહે એક વિવાદાસ્પદ નિવેદન કરીને સપનાનો માર્ગ હરિયાણામાં પણ ખોલી દીધો હતો.

## સતત બીજા દિવસે પણ વરસાદથી અમરનાથ યાત્રા મોકુફ

શ્રીનગર,તા. ૨૯

વાર્ષિક અમરનાથ યાત્રામાં જુદા જુદા માર્ગો પર વરસાદના કારણે હાલત ખરાબ થઈ ગઈ છે. માર્ગો જોખમી બની જવાના કારણે યાત્રાને આજે સતત બીજા દિવસે પણ મોકુફ રાખવામાં આવી હતી. પ્રવાસીઓને આગળ વધવા માટેની મંજુરી આપવામાં આવી ન હતી.

જો કે શ્રદ્ધાળુઓ હાલમાં રાહ જોઈ રહ્યા છે.આ વર્ષે અમરનાથ યાત્રા શરૂ કરવામાં આવ્યા બાદથી જુદા જુદા કારણોસર ૨૯ શ્રદ્ધાળુઓ સહિત ૩૩ લોકોના મોત થઈ ચુક્યા છે જેમાં બે સુરક્ષા કર્મીઓનો સમાવેશ થાય છે. મોટાભાગના શ્રદ્ધાળુઓના મોત કુદરતી કારણોસર થયા છે. મળેલી માહિતી મુજબ અમરનાથ તરફ દોરી જતાં માર્ગ ઉપર ઘણી જગ્યાએ ઓક્સિજનની કમી થઈ જવાના લીધે હાર્ટએટેકના બનાવો બન્યા છે. આ વર્ષે આના લીધે વધુ મોત થયા છે જેના લીધે અમરનાથ મંદિર બોર્ડના અધિકારીઓ દ્વારા શ્રદ્ધાળુઓને નિયમિતપણે આરોગ્ય ચકાસણી કરાવવા માટેના આદેશ જારી કરવામાં આવ્યા છે.

R K VACATIONS PVT. LTD.
બેંગકોક પટાયા
રીર્ટન એર ટીકીટ, ૩*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, કોરલ આઈલેન્ડ
5N- 6D 27999₹
ગોવા
રીર્ટન એર ટીકીટ, ૪*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
3N- 4D 14999₹
5000 રૂા. નું ગીફ્ટ વાઉચર દરેક પેકેજ પર પ્રતિ વ્યકિત
+91 79 61 61 35 35 - 40 40 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225